# સોનાની આયાતને ઘટાડવા સરકારની વિચારણા

## મામલો હાલ સક્રિય વિચારણા હેઠળ હોવાનો નાણાં મંત્રી ચિદમ્બરમનો દાવો

નવી દિલ્હી, તા. ૨

નાણાં મંત્રી પી ચિદમ્બરમે આજે કહ્યુ હતુ કે સરકાર સોનાની આયાતને ઘટાડવાની દિશાને વધુ પગલા લેવા વિચારણા કરી રહી છે. આને વધુ મોંઘુ બનાવી દઈને આ દિશામાં આગળ વધવા માટે સરકાર ઈચ્છુક છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતા નાણાં મંત્રીએ કહ્યુ હતુ કે સોના માટેની માંગ યથાવતરીતે તેજ રહી છે. જેથી અમારી પાસે સોનાની આયાતને વધુ મુશ્કેલરૂપ બનાવવા સિવાય અન્ય વિકલ્પો રહ્યા નથી. સોનાની આયાત વધુ મોંઘી બનાવી દેવાથી ફાયદો થશે. પ્રધાને કહ્યુ હતુ કે આ મામલો હાલ સરકારની વિચારણા હેઠળ છે. ભારતમા વર્તમાન ખાતાકિય ખાદ્ય(સીએડી) વધવા માટેના મુખ્ય કારણ તરીકે સોનાની આયાત છે. સીએડી નિકાસ અને આયાત વચ્ચે અંતરને સ્પષ્ટપણે દર્શાવે છે. રોકડ રેમીટી અને પેમેન્ટ ઉપર વિચારણા કરવામાં આવ્યા બાદ અંતર સતત વધી જાય છે. જુલાઈ અને સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં આ અંતરનું ચિત્ર સ્પષ્ટપણે દેખાઈ આવ્યું હતુ. મુલ્યની દ્દષ્ટિએ ગણવામાં આવે તો સોનાની આયાત વર્તમાન નાણાંકીય વર્ષના એપ્રિલ અને સપ્ટેમ્બરના ગાળામાં સોનાની આયાત ૨૦.૨ અબજ ડોલરની





આસપાસ રહી હતી. એક વર્ષ અગાઉની સરખામણીમાં આમાં ૩૦.૩ ટકાનો ઘટાડો થયો છે. સમગ્ર ૨૦૧૧-૧૨ના નાણાંકીય વર્ષ માટે સોનાની આયાત ૫૬.૨ અબજ ડોલર નોંધાઈ છે. આ ઘટાડો જાન્યુઆરી અને માર્ચ ૨૦૧૨માં સરકાર દ્વારા સોનાની આયાત પર કસ્ટમ ડ્યુટીમાં વધારાના અનુસંધાનમાં થયો છે. બજેટમાં તત્કાલિન નાણાં મંત્રી પ્રણવ મુખર્જીએ સ્ટાન્ડર્ડ ગોલ્ડબાર ઉપર બેઝિક કસ્ટમ ડ્યુટી બે ગણી કરી દીધી હતી સાથે સાથે નોન સ્ટાન્ડર્ડ ગોલ્ડ ઉપર આને ૧૦ ટકા કરી દેવામાં આવી હતી. તત્કાલિન નાણાં મંત્રીએ અનબ્રાન્ડેડ જ્વેલરી ઉપર એક ટકા એક્સાઈઝ ડ્યુટી પણ લાદી હતી. જો કે દેશભરમાં જ્વેલર્સ તરફથી ભારે હોબાળો થયા બાદ આને પરત ખેંચી લેવામાં આવી હતી. હાલમાં સરકાર ઈક્વિટી અને અન્ય નાણાંકીય સંસ્થાઓમાં નાણાં નાખવાના પ્રયાસો કરી રહી છે. વર્ષ ૨૦૧૧-૧૨ના નાણાંકીય વર્ષમાં સીએડી જીડીપીના ૪.૨ ટકાની આસપાસ રહેતા આનો ફાયદો થયો હતો.

# ફાઈનાન્સ કમિશનમાં વડા તરીકે રેડ્ડી નિમાયા

નવી દિલ્હી, તા.૨

આરબીઆઈના ભૂતપૂર્વ ગવર્નર વાયવી રેડ્ડી ૧૪માં ફાઈનાન્સ કમિશનના ચેરમેન તરીકે જવાબદારી અદા કરશે. નાણાં મંત્રી પી ચિદમ્બરમે આજે આ મુજબની માહિતી આપી હતી. ચિદમ્બરમે કહ્યુ હતુ કે ફાઈનાન્સ કમિશનને ૩૧મી ઓક્ટોબર ૨૦૧૪ સુધી તેનો અહેવાલ આપવા કહી દેવામાં આવ્યું છે. ફાઈનાન્સ કમિશન એક બંધારણીય સંસથા છે જે દર પાંચ વર્ષમાં સ્થાપિત કરવામાં આવે છે. અન્ય બાબતોની સાથે સાથે કમિશને રાજ્યો અને અન્ય સ્થાનિક સંસ્થાઓને સહાય અને ગ્રાન્ટ આપવા જરૂરી ધારાધોરણોને તૈયાર કરે છે. પહેલી એપ્રિલ ૨૦૧૪થી શરૂ થતા પાંચ વર્ષના ગાળામાં આ જરૂરી મદદ કરવામાં આવનાર છે. સપ્ટેમ્બર ૨૦૦૩માં તેના ગવર્નર તરીકે આરબીઆઈમાં સામેલ થતા પહેલા રેડ્ડી આંતરરાષ્ટ્રીય નાણાં ફંડમાં બોર્ડમાં ભારતના કારોબારી ડિરેક્ટર તરીકે હતા. ૧૩માં ફાઈનાન્સ કમિશનનું નેતૃત્વ ભૂતપૂર્વ ફાઈનાન્સ સચિવ વિજય કેલકર દ્વારા કરવામાં આવ્યું હતુ.

# નિફ્ટીએ ૬૦૦૦ની સપાટી કુદાવી

મુંબઈ, તા. ૨

શેરબજારમાં આજે પણ તેજીનું મોજુ યથાવતરીતે જારી રહ્યુ હતુ. નવા વર્ષમાં સતત બીજા દિવસે તેજી જારી રહેતા રોકાણકારોમાં નવી આશા જાગી છે. અમેરિકામાં ફિસ્કલ કલીફ ટળી જતા વૈશ્વિક શેરબજારમાં તેજી જોવા મળી હતી. નિફ્ટીએ આજે ઈન્ટ્રાડેના કારોબાર દરમિયાન ૬૦૦૦ની મનોવૈજ્ઞાનિક સપાટી કુદાવી દીધી હતી. ઈન્ટ્રાડે દરમિયાન નિફ્ટીનો આંકડો ૬૦૦૬ સુધી પહોંચ્યો હતો અને બે વર્ષમાં પ્રથમ વખત ૬૦૦૦ની સપાટીને કુદાવી હતી. સેન્સેક્સમાં એક વખતે ૧૯૭૫૭ની સપાટી જોવા મળી હતી. સ્થાનિક મોરચે મેન્યુફેક્ચરીંગ પ્રવૃત્તિ ડિસેમ્બર મહિનામાં છ મહિનાની ઊંચી



સપાટીએ પહોંચી હતી. એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેક્ચરીંગમાં ઝડપી પ્રવૃત્તિ આજે જોવા મળી હતી. એશિયન અને યુરોપિયન બજારોમાં આજે ઉત્સાહનું મોજુ જોવા મળ્યુ હતું. એશિનય બજારોની વાત કરવામાં આવેતો હેંગસેંગમાં આસરે ત્રણ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. ત્યારબાદ સંઘાઈ કમ્પોઝિટ, કોસ્પી,તાઈવાનમાં ઉછાળો રહ્યો હતો. ઘર આંગણે બ્રોડર માર્કેટમાં સ્મોલકેપ ઈન્ડેક્સમાં એક ટકાનો ઉછાળો રહ્યો હતો. મિડકેપ ઈન્ડેક્સમાં પણ સ્થિતિ સુધારાવાળી રહી હતી. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો એફએમસીજી અને આઈટી ઈન્ડેક્સ સિવાય તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં તેજી રહી હતી. કન્ઝ્યુમર ડ્યુરેબલ, કેપિટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસ, બેંકકેસ અને ઓટો ઈન્ડેક્સમાં તેજી રહી હતી. એફએમસીજી ઈન્ડેક્સમાં ઘટાડો રહ્યો હતો. આઈટીસી, હિન્દુસ્તાન યુનિલિવરમાં ક્રમશઃ ૦.૬ અને ૦.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. ઈન્ફોસિસ, ટીસીએસ અને વિપ્રોમાં પણ ઘટાડો રહ્યો હતો. બેંકિંગ શેરમાં નવી આશા જાગી છે કારણ કે જાન્યુઆરી મહિનામાં વ્યાજદરમાં ઘટાડો થવાની આશા દેખાઈ રહી છે. એસબીઆઈ, આઈસીઆઈસીઆઈ બેંક, એક્સિસ બેંક, યશ બેંકમાં પણ સુધારો જોવા મળ્યો હતો. ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં તેજી રહેતા તેની અસર આની સાથે સંબંધિત શેરમાં થઈ હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં એક ટકાનો સુધારો રહ્યો હતો જ્યારે ગેઈલ ઈન્ડિયા, ઓએનજીસી, બીપીસીએલ, એચપીસીએલમાં બે બે ટકાનો સુધારો થયો હતો.

# ઐતિહાસિક ઈડન ગાર્ડન ખાતે ભારત અને પાકિસ્તાન વચ્ચે આજે બીજી વન-ડે

કોલકાતા, તા. ૨

કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન ખાતે ભારત અને પાકિસ્તાન વચ્ચે આવતીકાલે ગુરુવારે બીજી વન-ડે મેચ રમાનાર છે. પ્રથમ વન-ડે મેચ પાકિસ્તાને જીતી લીધા બાદ ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા ઉપર દબાણ વધી રહ્યું છે. ભારતીય ટીમ કોલકાતાના આ મેદાન ઉપર સર્વશ્રેષ્ઠ દેખાવ કરવા સંપૂર્ણપણે સજ્જ દેખાઈ રહી છે. ચેન્નાઈના ચેપોક મેદાન ઉપર પ્રથમ મેચમાં પાકિસ્તાને ભારત ઉપર છ વિકેટે જીત મેળવી હતી. આ મેચમાં ભારતીય ખેલાડીઓનો ફલોપ શો રહ્યો હતો. ખાસ કરીને ટોપ ઓર્ડરના બેટ્સમેનો નિષ્ફળ રહ્યા હતા. ગૌતમ ગંભીર, વિરેન્દ્ર સહેવાગ, વિરાટ કોહલી, યુવરાજસિંહ, રોહિત શર્મા ફલોપ રહ્યા હતા જેથી આ મેચમાં આ તમામ ખેલાડીઓ ઉપર વધુ સારો દેખાવ કરવા દબાણ રહેશે. પ્રથમ વન-ડે મેચમાં કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ શાનદાર અણનમ સદી ફટકારીને ટીમ ઈન્ડિયાના સન્માનને જાળવી રાખવામાં સફળતા મેળવી હતી પરંતુ ભારતીય ટીમ જંગી જુમલો ખડકવામાં નિષ્ફળ રહી હતી જેથી તેની પ્રથમ વન-ડે મેચમાં હાર થઈ હતી. ભારતીય બોલરો પણ પ્રથમ વન-ડેમાં નિષ્ફળ સાબિત થયા હતા.

બીજી બાજુ મિસબા ઉલ હકના નેતૃત્વમાં પાકિસ્તાનની ટીમ વધુ લડાયક દેખાઈ રહી છે. પાકિસ્તાનની ટીમના ખેલાડીઓ સારા ફોર્મમાં દેખાઈ રહ્યા છે જેમાં પ્રથમ વન-ડેમાં સદી ફટકારનાર જમસેદ, યુનુસ ખાન, શોયબ મલિકનો સમાવેશ થાય છે. આવતીકાલની મેચમાં પણ આ ખેલાડીઓ વધુ સારો દેખાવ કરવા પ્રયાસ કરી શકે છે. આ વન-ડે મેચમાં ટોસ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે. વન-ડે મેચોની



શ્રેણી પહેલા ટ્વેન્ટી મેચોની શ્રેણી ૧-૧થી બરોબર રહી હતી. બંને ટીમો નીચે મુજબ છે.

ભારતીય ટીમ : મહેન્દ્રસિંહ ધોની (કેપ્ટન), ગૌતમ ગંભીર, વિરેન્દ્ર સહેવાગ, વિરાટ કોહલી, યુવરાજસિંહ, રોહિત શર્મા, સુરેશ રૈના, અશ્વીન, બી કુમાર, ઈશાંત શર્મા, અશોક ડીંડા

પાકિસ્તાનની ટીમ : મિસબા ઉલ હક (કેપ્ટન), હફીઝ, જમસેદ, અઝહર અલી, યુનુસ ખાન, શોએબ મલિક, કામરાન અકમલ, જુનેદ ખાન, ઉમર ગુલ, સઈદ અજમલ, મોહમંદ ઈરફાન

# મહિલા સુરક્ષા અંગે કેન્દ્ર-રાજ્યોને સુપ્રીમની નોટિસ

નવી દિલ્હી, તા. ૨

સુપ્રીમ કોર્ટે બળાત્કારના મામલાઓની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કરવા અને મહિલાઓની સુરક્ષાની ખાતરી કરવાનો સરકારનો આદેશ આપવાની માંગ કરીને આ સંબંધમાં દાખલ કરવામાં આવેલી એક જાહેરહીતની અરજી પર કડક આદેશો જારી કર્યા છે. મહિલાઓની સુરક્ષા અંગે કેન્દ્ર અને રાજ્ય સરકારોને સુપ્રીમ કોર્ટે નોટિસ પણ જારી કરી છે. ૨૩ વર્ષિય મેડિકલની વિદ્યાર્થિની પર દિલ્હીમાં છ શખ્સો દ્વારા તાજેતરમાં જ બળાત્કાર ગુજારવાની સનસનાટીપૂર્ણ ઘટના બાદ સુપ્રીમ કોર્ટે આ મુજબનો આદેશ જારી કર્યો છે.આ અરજી પર હવે સુનાવણી કરવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટમાં ગેંગ રેપ પર અરજી મંજુર થઈ ગઈ છે અને આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવશે. ચીફ જસ્ટીસ અલ્તામસ કબીરના નેતૃત્વમાં બેંચે આ જાહેર હીતની અરજી પર સુનાવણી કરવાનો નિર્ણય કર્યો છે. અરજીમાં એવી પણ માંગણી કરવામાં આવી છે કે મહિલાોની સામે અપરાધના મામલામાં જે સાંસદો અને ધારાસભ્યોની સામે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવે. સેવા નિવૃત્ત આઈએસ અધિકારી પ્રમીલા શંકર દ્વારા કરવામાં આવેલી અરજીમાં માંગ કરવામાં આવી છે કે બળાત્કારના મામલાઓમાં ઝડપી સુનાવણી માટે તમામ રાજ્યોને ફાસ્ટટ્રેક કોર્ટની સ્થાપના કરવામાં આવે. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે મહિલાઓ અને બાળકોની સામે થનાર અપરાધોની ચકાસણી મહિલા પોલીસ અધિકારીઓ મારફતે કરવામાં આવે તે જરૂરી છે. આવા મામલાઓની સુનાવણી મહિલા ન્યાયધીશ કરે તે પણ અતિ જરૂરી છે.

# મોબાઈલ ઈન્ટરનેટ યુઝરોનો આંકડો ૧૩૦ મિલિયન થશે

નવી દિલ્હી, તા. ૨

બજારમાં ઈન્ટરનેટ ધરાવનાર ટેબલેટ અને સ્માર્ટ ફોનની બોલબાલ દિનપ્રતિદિન વધી રહી છે ત્યારે મોબાઈલ ઈન્ટરનેટ યુઝરોનો આંકડો એક વર્ષમાં ૧૩૦ મિલિયનના આંકડા સુધી પહોંચી ગયો છે. ડેટા સર્વિસ ઉપર બિલ રકમની ૪૦ ટકા રકમ મોબાઈલ યુઝરો ખર્ચ કરી રહ્યા છે. ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોશિએશન ઓફ ઈન્ડિયા અને આઈએમઆરબી દ્વારા સંયુક્તરીતે કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં માર્ચ ૨૦૧૪ સુધી મોબાઈલ ઈન્ટરનેટ યુઝરોનો આંકડો ૧૩૦.૬ મિલિનય સુધી પહોંચી જશે. ડિસેમ્બર ૨૦૧૨માં મોબાઈલ સાધનો મારફતે ઈન્ટરનેટનો ઉપયોગ કરતા યુઝરોની સંખ્યા ૮૭.૧ મિલિયન સુધી હતી. આ મોબાઈલ સાધનોમાં હવે ડોંગલ સાથેના લેપટોપ, ટેબલેટ અને ઈન્ટરનેટ સાથે જોડાતા ડોંગલનો સમાવેશ થાય છે. અહેવાલમાં જણાવાયુ છે કે મોબાઈલ ફોન મારફતે નેટનો ઉપયોગ કરી રહેલા ઈન્ટરનેટ યુઝરોને ડેટા સર્વિસ ઉપર નોંધપાત્ર રકમ ખર્ચ કરવાની ટેવ પડી ગઈ છે. ઓન લાઈન ગેમ્સની બોલબાલા પણ વધી ગઈ છે. મોબાઈલ ઈન્ટરનેટ યુઝરો પૈકી આશરે ૫૦ ટકા ઓનલાઈન ગેમ્સનો ઉપયોગ કરી રહ્યા છે. જ્યારે ૩૦ ટકા યુઝરો ઓનલાઈન ન્યુઝ વાંચી રહ્યા છે. જ્યારે ઓન લાઈન વીડિયો પણ નિહાળી રહ્યા છે. મોબાઈલ સાધનો પર ઈન્ટરનેટનો ઉપયોગ કરનાર એક યુઝરનું સરેરાશ માસિક બિલ ૪૬૦ રૂપિયા છે જે પૈકી ૧૯૮ રૂપિયા ઈન્ટરનેટ પર કરવામાં આવે છે આ ખુબજ હેલ્થી ટ્રેન્ડ છે જે દર્શાવે છે કે ઈન્ટરનેટના ઉપયોગ પ્રત્યે બિલના ૪૦ ટકા રકમ ખર્ચ કરવા તરફ યુઝરો આકર્ષિત થયા છે. બાકીની રકમ વોઈસ સર્વિસ પર ખર્ચ કરવામાં આવી રહી છે. મોબાઈલ ઈન્ટરનેટ યુઝરોમાં ઈમેલ, સોશિયલ નેટવર્કિંગ સર્વિસ અને મેસેન્જર્સનો સૌથી વધારે ઉપયોગ કરવામાં આવે છે. ડેટા સર્વિસ ઉપલબ્ધ કરાવનાર કંપનીઓ માટે પણ નવી આશા જગાવે છે.

# દિલ્હીમાં વિદ્યાર્થિની ઉપર બે શખ્સોનો પાર્ટીમાં બળાત્કાર

નવી દિલ્હી, તા. ૨

દિલ્હીમાં ગેંગરેપનો શિકાર થયેલી યુવતીના મોતને લઈને આક્રોશ દેશભરમાં જારી છે ત્યારે વધુ એક બળાત્કારનો મામલો સપાટી ઉપર આવ્યો છે. ૧૭ વર્ષીય ધોરણ ૧૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ઉપર નવા વર્ષની પાર્ટીમાં બે શખ્સો દ્વારા બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ સૂત્રોએ આ અંગેની માહિતી આપતા કહ્યું છે કે દક્ષિણ દિલ્હીમાં અપસ્કેલ સફદરજંગ એનક્લાવ વિસ્તારમાં નવા વર્ષની પાર્ટીમાં બે શખ્સો દ્વારા ધોરણ ૧૧ની વિદ્યાર્થીની ઉપર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. અગ્રણી આઈટી કંપનીમાં કામ કરતા બંને આરોપીઓની ગઈકાલે મોડી રાત્રે ધરપકડ કરી લેવામાં આવી હતી. યુવતીએ વિધિવત રીતે ફરિયાદ નોંધાવી છે. ૩૧મી ડિસેમ્બરની રાત્રે આ બનાવ બન્યો હતો. બંને શખ્સો ૨૦ વર્ષની આસપાસની વયના હોવાનું જાણવા મળ્યું છે અને તેમના પરિવાર સાથે સરોજની નગર વિસ્તારમાં રહે છે. એક શખ્સ કોમ્પ્યુટર એન્જીનીયર છે જે આઈટી કંપનીમાં કામ કરે છે જ્યારે અન્ય શખ્સ બ્લુ ચીફ ટેકના એચઆર વિભાગમાં કામ કરે છે.

અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે આરોપીઓને મંગળવારે બપોરે સાકેત કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમને તિહાર જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા સમગ્ર મામલાને ગુપ્ત રાખવામાં આવ્યો હતો. એક અગ્રણી અંગ્રેજી અખબાર દ્વારા માહિતી મેળવવાના પ્રયાસ થતાં આ અહેવાલને સમર્થન મળ્યું હતુ. મેસેજ એવો મળ્યો હતો પરંતુ જવાબ મળ્યો ન હતો. દિલ્હી પોલીસમાં સૂત્રોએ કહ્યું છે કે યુવતીએ પોતાના નિવેદનમાં કહ્યુંછે કે આ આરોપી પૈકીનો એક થોડાક મહિના અગાઉ સોશિયલ નેટવર્કિંગ સાઈટ ઉપર તેનો મિત્ર બની ગયો હતો. આરોપીએ અનેક વખત તેને મળવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. ઓનલાઈન વાતચીત કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી દિલ્હીમાં બળાત્કારના વધતા જતા કિસ્સાઓ ભારે ચર્ચા જગાવી રહ્યા છે.પોલીસની નિષ્ક્રિયતા સ્પષ્ટપણે સપાટી ઉપર આવી ગઈ છે. પોલીસની વ્યાપક ટીકા પણ થઈ રહી છે. ગેંગરેપનો બનાવ બન્યા બાદથી દિલ્હી પોલીસ ઉપર દેશના લોકો આક્ષેપોનો મારો ચલાવી રહ્યા છે. આરોપીઓની ચોક્કસપણે ધરપકડ કરવામાં આવી રહી છે પરંતુ મહિલાઓ સામે ગુનાઓમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે જે ચિંતા ઉપજાવે છે. સાથે સાથે મહિલાઓની સુરક્ષા સામે પણ પ્રશ્નો કરે છે. આ મામલો પણ ભારે ચર્ચા જગાવે તેવી શક્યતા છે. પોલીસે વહેલી તકે માહિતી આપી ન હતી. દિલ્હીમાં ગેંગ રેપના હાલના જ બનાવ બાદ વિશ્વભરમાં તેની નોંધ લેવામાં આવી હતી. સંયુક્ત રાષ્ટ્રે પણ આની નોંધ લીધી હતી. યુવતીના અસ્થિઓનું વિસર્જન કરવામાં આવ્યા બાદ આ નવી ઘટના સપાટી પર આવી છે. દિલ્હી સરકાર અને દિલ્હી પોલીસની નિષ્ક્રિયતા સામે હવે લોકો ખુલ્લી રીતે મેદાનમાં આવી રહ્યા છે. દિલ્હી સરકાર માટે આગામી દિવસો પડકારરૂપ બની રહેશે.

# ઓસ્ટ્રેલિયા-શ્રીલંકાની વચ્ચે આજથી સિડનીમાં ટેસ્ટ મેચ

સિડની, તા. ૨

સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર આવતીકાલથી શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રીજી અને અંતિમ ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. શ્રીલંકાને આ ટેસ્ટ મેચ શરૂ થતા પહેલા મોટો ફટકો પડી ચૂક્યો છે. કારણ કે સ્ટાર બેટ્સમેન કુમાર સંગાકારા આ શ્રેણીમાંથી આઉટ થઈ ગયો છે. છેલ્લી ટેસ્ટ મેચમાં સંગાકારા ઘાયલ થઈ ગયો હતો જેથી આ ટેસ્ટ મેચમાં રમશે નહીં. આ ઉપરાંત ઝડપી બોલર વાલેગેધરા પણ ઈજાગ્રસ્ત થવાથી તે પણ આઉટ થઈ ગયો છે. શ્રીલંકાની ટીમમાં બે નવા ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બંને ખેલાડીઓમાં બેટ્સમેન થીરીમાને અને ઝડપી બોલર લકમલનો સમાવેશ થાય છે. કુમાર સંગાકારાને હાથમાં ફ્રેક્ચર થયું હોવાથી તે આઉટ થઈ ગયો છે. સિડની ટેસ્ટ મેચને લઈને ઓસ્ટ્રેલિયા ખૂબ જ પહેલાથી જ સુસજ્જ છે. ઓસ્ટ્રેલિયાએ બે ટેસ્ટ મેચોમાં જીત મેળવીને લીડ જાળવી રાખી છે. આ ટેસ્ટ મેચ ઓસ્ટ્રેલિયા માટે અન્ય રીતે પણ યાદગાર સાબિત થઈ શકે છે.

# સમાચાર ઝલક

- ગુજરાતભરમાં ઠંડીનો વધારો, જનજીવનને અસર.
- મોઢેરાના સૂર્યમંદિર નજીકથી તોરણ કાફેટેરીયાની બદ્ત્તર હાલતથી પ્રવાસીઓમાં અસંતોસ.
- અંબાજીમાં યુવતીની વીડિયો ક્લીપીંગ બનાવી દુષ્કર્મનો પ્રયાસ કરતાં ચકચાર.
- ૨૦૧૩માં ૧૦ રાજયોમાં વિધાનસભાની ચૂંટણીના પડઘમ.
- ભરૂચ નજીક આસૂરિયા ગામે બે જૈન મુનિઓ ટ્રક અડફેટે કાળધર્મ પામ્યા.
- ચેન્નાઇ એક્સપ્રેસ, સ્પેશિયલ-૨૬, વન્સ અપોન એ ટાઇમ ઇન મુંબઇ-૨, બોસ, હિંમતવાલા, એ જવાની રૈ દિવાની, બેશરમ, ઘનચક્કર રજૂ થશે.
- ગનના લાઇસન્સ મેળવવા માટે મહિલાઓમાં પડાપડી શરૂ થઇ.
- ૨૧મી જાન્યુઆરીએ બરાક ઓબામા બીજી વખત રાષ્ટ્રપતિ પદના શપથ લેશે.
- ભારતમાં હજુ રાક્ષસ યુગ ? આસામમાં ચાના બગીચાના માલિકની લાશમાંથી હત્યારાઓએ માંસ આરોગ્યું.
- અમરેલી ભાજપના સાંસદ-કાર્યકરોએ ડોકટર ઉપર હુમલો કરતાં વીજળીક હડતાળ.
- બળાત્કારના નવા કાનૂનના આંદોલન સાથે ભ્રષ્ટાચારનું આંદોલન ભૂલાયું!!
- મંદીનો કારણે, દિલ્હી-મુંબઇ-અમદાવાદ સહિત મહાનગરોમાં ૫૦% થી વધુ મોલ ખાલી, અબજોની મિલકત ફસાઇ.
- ફેબ્રુઆરીના પ્રારંભે રાજયની ૭૭ નગરપાલિકાઓની ચૂંટણી માટે તૈયારી કરતું રાજય ચૂંટણીપંચ.

# ડિઝલના મામલે તમામ પાસા પછી નિર્ણય થશે

નવી દિલ્હી, તા. ૨

ડિઝલની કિંમતોને અંકુશમુક્ત કરવા અંગે કોઈ પણનિર્ણય લેતા પહેલા તમામ પાસાઓ પર ગંભીરતાપૂર્વક વિચારણા કરવામાં આવશે. નાણાં મંત્રી પી ચિદમ્બરમે આજે આ મુજબની માહિતી આપી હતી. તેમણે કહ્યુ હતુ કે સરકાર કોઈ પણ નિર્ણય લેતા પહેલા તમામ દૂવિધાઓને દૂર કરશે. ડિઝલની કિંમતોને અંકુશમુક્ત કરવાની શક્યતા અંગે પુછવામાં આવતા ચિદમ્બરમે આ મુજબની વાત કરી હતી. તેમણે ઉમેર્યુ હતુ કે ડિઝલ સાથે સંબંધિત મુદ્દાઓની અવગણના કરી શકાશે નહીં. ફુગાવામાં વધારો ન થાય તેની ખાતરી પણ કરવામાં આવશે. નવેમ્બર મહિનામાં એકંદરે ફુગાવો ૭.૨૪ ટકા રહ્યો હતો જે રિઝર્વ બેંકની સપાટી પાંચ-છ ટકાની સપાટી કરતા ઉંચી છે. સરકારે ૨૦૧૦માં ડિઝલની કિંમતોને અંકુશમુક્ત કરવા સૈદ્ધાંતિ નિર્ણય કર્યો હતો આને રાજકીય દબાણના કારણે અમલી બનાવાયો નથી. આ નિર્ણય કિરિટ પારેખ કમિટી દ્વારા કરવામાં આવેલી ભલામણના આધાર પર હતો.

## નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

ફટકડી તીવ્ર સંકોચન કરનારી, રૂઝ લાવનારી તેમજ કફ ઘટાડનાર છે આથી બાળકોને ગળામાં કફ બાઝી ગયો હોય તેમજ કાંકડા ફૂલી ગયા હોય તેવા સંજોગોમાં ફટકડીયુક્ત ગરમ પાણીના કોગળા કરવાથી આરામ મળે છે તેમજ કફ છૂટ્ટો પડી જાય છે.

આંખ આવી હોય અને સોજો ચઢી ગયો તેમાં પણ ફટકડીવાળા પાણીથી આંખ ધોવામાં આવે તો ફાયદો થાય છે. ફટકડી તાવને પણ ભગાડે છે. ફટકડીને સાકર સાથે ખાવાથી તાવ આવ્યો હોય તો મટી જાય છે.

સ્ત્રીઓને સફેદ પાણી પડતા હોય તેવી સ્થિતિમાં ફટકડી યુક્ત પાણી વધે સાફ કરવાથી કે તે પાણીમાં બેસવાથી આરામ મળે છે. વળી, કોઇ પણ અંગ પર સોજો આવ્યો હોય અને દુખાવો થતો હોય તો પાણીમાં ફટકડી ઓગાળી તેના ગરમ પાણી સાથે પોતા મુકવાથી સોજો તેમજ દુ:ખાવામાં રાહત થાય છે.

ફૂલાવેલ ફટકડી દૂષિત પાણીમાં ફેરવવાથી પાણીની અશુધ્ધિઓ તળીયે બેસી જાય છે તેમજ પાણીનું સંક્રમણ નાશ પામે છે. આમ, સહજ રીતે પ્રાપ્ય એવી સસ્તી ફટકડીના અનેકાનેક એવા ઉપયોગો છે જે આપણી જાણ બહાર હોય છે. આ ઉપયોગોને જાણ્યા બાદ તેનો યોગ્ય રીતે, વિવેકપૂર્વક ઉપયોગ કરવાથી ફટકડીના અનેકાનેક ફાયદાઓ મેળવી શકાય તેમાં કોઇ શંકાને સ્થાન નથી.

- drkedarju@gmail.com